ફોજદારી કેસ નંબર. ૧૮૦૧–૨૦૦૬

**આંક–૧ નીચે હુકમ**

આજરોજ વારંવાર પોકારવા છતા આરોપી હાજર નથી કેસનું રેર્કડ અને પ્રોસીડીગ્સ ધ્યાને લઈએ તો આરોપી વિરુધ્ધ વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતા પોલીસે પ્રોસેસ ની બજવણી કરી અદાલતમાં આજદીન સુધી હાજર રખાવેલ નથી અને ભવિષ્યના ટુંકા સમય મા આરોપી અદાલત માં હાજર થાય તેવા કોઈ સંજોગો જણાતાં નથી.આ કેસ**..૧૧..**વરસ જેટલો જુનો છે અને ફરી.પક્ષ ની કસુર ના કારણે આ કેસની કોર્ટ કાર્યવાહી આગળ વધી શકતી નથી.કાનુની જોગવાઈ ઓ ધ્યાને લઈએ તો આરોપી વિરુધ્ધ આ સમન્સ ટ્રાયેબલ પોલીસ કેસ છે.નામદાર ગુજરાત હાઈકોર્ટ ના સરકયુલર નં.ડી.૨૯૧૭/૦૬ તા.૧૭/૧૦/ ૨૦૦૬ ને ધ્યાને લેતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કીક અંત સુધી લઈ શકાય તેમ નથી. વધુમાં એ.આઈ.આર.૨૦૦૨ પેજ નં.૧૮૫૬**,**પ્રમોદકુમાર લાલબહાદુર–વિ–સ્ટેટ ઓફ ગુજરાત નો ચુકાદો ધ્યાને લેતા આ કેસને હવે વધુ લાંબા સમય સુધી પેન્ડીગ રાખવો મને જરુરી યોગ્ય અને ન્યાચી જણાતો નથી.તેથી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૬ ની કલમ:૨૫૮**,**અન્વચે આ કેસ ની કોર્ટ કાર્યવાહી આથી પડતી મુકવાનો અને આરોપીને તેની વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત માંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળા નો હુકમ કરવામાં આવેલ હોય તો તેને આથી કાયમ કરવામાં આવે છે /જો કોઈ નાંણા હોય તો રાજય ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે./બાકીના બીનકીંમતી મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૮/૦૯/૧૮

( જે.એ.બારોટ)
એડીશ્નલ ચીફ મેટ્રો. મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬**,** અમદાવાદ

સ્પે.સીટીગ અમદાવાદ

જીજે–૦૦૪૯૪